CENTRE FOR BANKING RESEARCH,
DEVELOPMENT & EXCELLENCE (CBRDE)

Established By :

GUJARAT URBAN CO-OPERATIVE BANKS FEDERATION (GUCBF)


ક્રમાંક : જીયુસીબીએફ/૪૧/283 તા: 30/0૬/૨૦૧૫

પ્રતિ,
ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર,
(બધી સભાસદ બેંકો)

મહાશય,

બાબત:- CBRDEદ્વારા ON LOCATION ટ્રેઇનીંગબાબત

ફેડરેશને સ્થાપેલ સેન્ટર ફોર બેંકીગ રીસર્ચ, ડેવલપમેન્ટ એન્ડ એકસેલન્સ(CBRDE)તરફથી વિકસાવવામાં આવેલ On Location ટ્રેઇનીંગ મોડેલને સહકારી બેંકો તરફથી સારો પ્રતિભાવ મળી રહેલ છે.

**આ મોડેલની ખાસ લાક્ષણિક્તાઓનીચે છે.:**

૧) જે તે બેંક /બેંકોના સ્થળે આવી તાલિમ ગોઠવવામાં આવતી હોવાથી બેંકના સ્થાનિક અને પોતાના સ્તરને લગતી બાબતો તેમાં આવરી શકાય છે.

૨) બેંકના કર્મચારીઓ પોતાના કામકાજ કરતા હોય છતાં તેની પાછળના નિયમોથી અજાણ હોય તો કાર્યશૈલીમાં વ્યવસાયિક્તા આવતી નથી. તેથી પ્રોફેશનલ "શા માટે?" બનવું જોઈએ તેવાપ્રશ્નોનો ઉકેલ આ તાલિમમાં મળે છે. તે ઉપરાંત કેટલાક Knowledge Gaps પૂરવામાં તે મદદરૂપ થાય છે.

૩) ઓછા સમયની આ તાલિમ માં મુખ્ય મુદ્દાઓ જેવા Case Study, સવાલજવાબ, Participation અને Quiz Test ને આધારે તાલિમાર્થી સાથે Inter-action થઇ શકે છે.

૪) જે બાબતોની ચર્ચા વર્ગમાં થઇ શકી ન હોય તે અંગે જાણકારી માહિતીસભર વાંચન સામગ્રીમાંથી મળે છે.

**ON LOCATION Training Scheme :-**

૧) કોઇ શનિવાર/ રવિવારના દિવસોમાં શનિવારે બપોરના ચાર કલાક અને રવિવારે ૬ કલાક, તેમ ૧૦ કલાકની તાલિમ યોજી શકાય. જે બેંકો પૂરા દિવસ માટે સ્ટાફને મોકલી શકે તો તેઓ માટે ચાલુ દિવસે તાલિમ રાખી શકાય છે.

૨) નીચે દર્શાવેલ વિષયોમાંથી તાલિમાર્થીના સ્તરને અનુરૂપ Course Plan થઇ શકે.

- જનરલ બેંકીગ
- થાપણદારોના પ્રકાર, તેઓના ખાતા ખોલવાની વિધી અને ખાતા ચલાવવા અંગે રીઝર્વ બેંક ઓફ ઇન્ડીયાની સુચનાઓ.
- KYC ના ધોરણો, ખાતાઓનું Risk categorisation અને વ્યવહારો અંગે FIU New Delhi ને મોકલવાના પત્રકો.




Co-operative Banks Bhavan, Near Jaihind Press, Ashram Road, Mithakhali Under Bridge, Ahmedabad-380009.
Phone : 079-26589159, 26589179, Fax : 079-26584901 E-mail : gujfed@gmail.com, Web : www.gujfed.com

- ધીરાણ - પ્રબંધ, ધીરાણ અરજીની ચકાસણી, એપ્રેઝલ, મંજુરીના નિયમો, દસ્તાવેજોને લગતા કાયદા અને વિધી, તારણોના પ્રકાર (પ્લેજ, હાયપોથીકેશન, મોર્ટગેજ વિ.)

- કેશક્રેડીટ ખાતા માટે કામકાજના ભંડોળ નક્કી કરવા રીઝર્વ બેંક ઓફ ઇંડિયાનીસુચના, સ્ટોક અને ઉઘરાણી સામે ધીરાણ, ખાતાનું મોનીટરીંગ.

- એન.પી.એ. નું વર્ગીકરણ, જોગવાઇ તથા વસુલાતના નિયમો.

(૫) માહિતીપ્રદ વાંચનસામગ્રી તૈયાર કરીને તેની એક નકલ બેંકને અગાઉથી મોકલી આપવામાં આવે છે. બેંકોએ તાલિમાર્થીની સંખ્યા મુજબ તેની નકલો કરાવી લેવાની હોય છે.

(૬) નીચે દર્શાવેલ ખર્ચ માટે બેંકે જોગવાઇ કરવાની હોય છે:

(ક) કુલ દશ વર્ગ માટે ફેકલ્ટી ચાર્જ(વર્ગ દીઠ રૂા. ૧૦૦૦) રૂા. ૧૦૦૦૦.

(ખ) ફેડરેશનનો ઇન્સ્ટીટીયુશનલ ચાર્જ પ્રતિ દિન રૂા. ૫૦૦૦.

(ગ) અમદાવાદ સિવાયની (બહારગામની) બેંકોએ ફેકલ્ટી સભ્યોનો મુસાફરી તથા રહેવાનો ખર્ચ.

ઉપરની બાબતે વિદીત થઇ આ મોડેલનો આપ લાભ લેવા ઇચ્છતા હો તો જણાવશો,

તથાઅન્ય કોઇ પણ વિગત માટે સંપર્ક કરશો - શ્રી કે. વી. લકુમ (એસોસીએટ કન્સલ્ટંટ-તાલિમ)

ફોન - ૯૩૨૭૦૭૬૪૩૧

આભાર,

આપનો વિશ્વાસુ

(આર. એન. જોષી)
IAS (Retd.)
ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર